Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# સરદાર પટેલ અને સમાજવાદીઓ

ડૉ. વસંત પટેલ
આસિસ્ટન્ટ પ્રોફેસર, અનુસ્નાતક ઇતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર મોઃ 9624556654

મે 1934માં અખિલ ભારતીય કોંગ્રેસ કમિટીના અધિવેશનના અવસર પર પટનામાં આચાર્ય નરેન્દ્ર દવેની અધ્યક્ષતામાં સમાજવાદી સંમેલન થયું. અધિવેશનમાં અખિલ ભારતીય કોંગ્રેસ સોશ્યલિસ્ટ પાર્ટી બનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો. પાર્ટીનું સંવિધાન તથા કાર્યક્રમનું માળખું બનાવવા માટે એક પ્રારૂપ (પ્રાથમિક રૂપ) સમિતિ બનાવવામાં આવી. જયપ્રકાશ નારાયણ પાર્ટીના સંગઠન મંત્રી નિયુક્ત થયા. ગુજરાતના નવયુવકો પણ આ તરફ આકર્ષિત થયા તથા ઝડપથી જ પાર્ટીનું એક એકમ ગુજરાતમાં સ્થપાઇ ગયું.[1] અધિવેશનના સમયે સરદાર પટેલ જેલમાં હતા. ગુજરાતમાં આ પાર્ટીમાં સામેલ થવાવાળાઓમાં સરદારના કેટલાક જૂના સાથીઓ તથા વિદ્યાપીઠના વિદ્યાર્થી હતા.

નેહરૂ પણ સમાજવાદી વિચારધારાથી પ્રભાવિત હતા. 13 ઓગષ્ટ, 1939થી ગાંધીજીને એક પત્રમાં નેહરૂએ કોંગ્રેસ સોશ્યલિસ્ટ પાર્ટીના ગઠનનું સમર્થન કરતા કોંગ્રેસ કાર્યસમિતિના 18 જૂન, 1934ના પ્રશ્તાવની આલોચના કરી.[2] જો કે ગાંધીજી કોંગ્રેસ સોશ્યલિસ્ટ પાર્ટીની નીતિ તથા કાર્યક્રમથી સહમત નહોતા પણ તેમનો વિરોધ રચનાત્મક હતો. 17 સપ્ટેમ્બર, 1934 એ ગાંધીજીએ પોતાના વક્તવ્યમાં કહ્યું. 'કોંગ્રેસમાં સમાજવાદી પક્ષની રચનાનું સ્વાગત કર્યું છે. આમાં મારા બહુ જ જાણીતા અને સમર્પિતો છે. આમ છતાં પણ તેમના અધિકૃત પ્રકાશનોમાં તેમનો જે કાર્યક્રમ છપાયો છે, તેમની સાથે મારા મૌલિક મતભેદ છે, જો તેનો પ્રભાવ કોંગ્રેસમાં વધે- જે વધવાની સંભાવના છે તો હું કોંગ્રેસમાં નહીં રહી શકું.[3]

પરંતુ અનુદારવાદી તથા ડાબેરી સરદાર પટેલ સોશ્યલિસ્ટ પાર્ટીની નીતિ તથા કાર્યક્રમના તીવ્ર વિરોધી હતા. તેમને સમાજવાદીઓનું પુસ્તકિયું જ્ઞાન મિથ્યા લાગતું હતું. 14 જુલાઇ, 1934 સે નાસિક જેલમાંથી મુક્ત થયા બાદ પોતાના સંદેશમાં પોતાના સાથીઓને ચેતવતાં કહ્યું મને આશા છે કે ગુજરાતના પારખું સૈનિક હવાઇ કિલ્લા બનાવવામાં અથવા દૂર-દૂરના ભવિષ્યની મોટી-મોટી યોજનાઓની વ્યર્થની ચર્ચામાં ક્યારેય નહીં ફસાય.[4] 25 ઓગષ્ટ, 1934થી કોંગ્રેસ સમાજવાદી પાર્ટી તત્કાલીન ગુજરાતના નેતા રોહિત મહેતાને એક લાંબા પત્રમાં સરદાર પટેલે ખંડન કર્યું કે આ પાર્ટીને નેહરૂનું સમર્થન પ્રાપ્ત છે. સરદારે કહ્યુઃ જે રીતથી સમાજવાદી પક્ષ કામ કરી રહ્યું છે તેને જવાહરલાલ પસંદ કરશે, આવું હું બિલકુલ નથી માનતો. હું માનું છું કે આ પક્ષ જવાહરલાલના નામનો દુરુપયોગ કરી રહ્યું છે.[4] પારટીની વિચારધારા પર કટાક્ષ કરતા પટેલે કહ્યુઃ સમાજવાદની વ્યાખ્યાની બાબતમાં બધા સમાજવાદી એકમત નથી. અલગ-અલગ લોકો આનો અલગ-અલગ અર્થ કરે છે. બ્રાહ્મણોમાં ચોર્યાશી જાતિઓ છે, જ્યારે

સમાજવાદી પંચાશી જાતિઓના જણાય છે. એટલા માટે એવા સમાજવાદની બાબતમાં સંમતિ આપવી મુશ્કેલ છે.[5]

સરદાર પટેલે ગુજરાતની મુલાકાત લીધી 3 ઓક્ટોબર, 1934 તી ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિની એક વિશેષ બેઠકમાં સરદારે સ્પષ્ટ કર્યું કે તે ગુજરાતમાં સમાજવાદીઓનો હસ્તક્ષેપને સહન નહીં કરે જ્યાં સ્વરાજ્ય માટે તેમણે પોતાના જીવનને સમર્પિત કર્યું છે.તેમણે હ્યું. જેમ હું એક પાગલ કૂતરાને ઘરમાંથી ભગાડી શકું છુ, તેવી જ રીતે હું સમાજવાદીઓને ગુજરાતથી ભગાડી દઇશ.[6] અમદાવાદમાં એક સાર્વજનિક સભામાં સરદાર પટેલે ચેતવણી આપતા કહ્યું કે તે ગાંધીજીની જેમ પોતાના દુશ્મનો સાથે સહાનુભૂતિ નથી રાખતા તથા તે તેમની સાથે કડકાઇપૂર્ણ વ્યવહાર કરશે જે કોંગ્રેસ દ્વારા કરેલા કાર્યોને સમાપ્ત કરવાનો પ્રયાસ કરશે.[7] સરદારે એ આરોપનું ખંડન કર્યું કે તે ખેડૂત વિરોધી તથા પૈસાદાર લોકોના સમર્થક છે. સરદારનો વિચાર તો કે, સ્વતંત્રતા આંદોલનમાં પૈસાદાર, જમીનદારો તથા રાજાઓનો પણ સહયોગ લેવો જોઇએ.

ગુજરાતમાં સરદાર પટેલના વિશિષ્ટ અધિકારોને અસ્વીકાર કરતા સમજાવાદીઓએ ઘોષણા કરીઃ ભલે પટેલ સમાજ દીઓને સહન કરે કે નહીં, સમાજવાદી તેમની ધમકીઓ આગળ નમવાની નથી પટેલની ચેતવણો છતાં પણ સમાજવાદી બીજા પ્રદેશોની જેમ, ગુજરાતમાં પણ પોતાના કાર્યક્રમોનું અમલીકરણ કરશે.[8] જેમ જેમ સરદાર પટેલ સમાજવાદીઓની વિરુદ્ધ કઠોર બનતા ગયા, સમાજવાદીઓએ સરદાર વિરુદ્ધ પોતાના પ્રચારને તીવ્ર કરી દીધાં.

1936માંજવાહરલાલ નેહરૂનું કોંગ્રેસ અધ્યક્ષ બનવું એ કોંગ્રેસમાં ડાબેરીઓના વિચારધારાની જીત હતી. સમાજવાદમાં પોતાની નિષ્ઠા વ્યક્ત કરતાપોતાના અધ્યક્ષીય ભાષણમાં નેહરુએ કહ્યું. હું એ વાતથી પૂર્ણ રીતે સંતુષ્ટ છું કે વિશ્વ તથા ભારતની સમસ્યાઓના સમાધાનનું એક માત્ર માર્ગ સમાજવાદ ચે તથા હું આ શબ્દનો પ્રયોગ વ્યવહારિક માનવતા વાદીના રૂપમાં જન હીં, પરંતુ વૈજ્ઞાનિક તથા આર્થિક પરિવેશમાં (સરાઉન્ડિંગ) કરૂં છું. મારા વિચારમાં ગરીબી, વધતી જતી બેરોજગારી, અવદશા તથા ભારતીય જનતાનો પરવશત ને સમાપ્ત કરવા માટે સમાજવાદ સિવાય બીજો કોઇ માર્ગ નથી.[8] જો કે લખનૌ કોંગ્રેસમાં સમાજવાદી વિચારધારાને અનુરૂપ કોઇ પ્રસ્તાવ પસાર ન થઇ શક્યો, પરંતુ નેહરૂએ કોંગ્રેસ કાર્યસમિતિમાં ત્રણ કટ્ટર સમાજવાદીઓ- જયપ્રકાશ નારાયણ, આચાર્ય નરેન્દ્ર દવે, અને અચ્યુત પાવર્ધનને સામેલકર્યો. ડૉ. રાજેન્દ્રપ્રસાદ, સરદાર તથા રાજગોપાલાચાર્ય, નેહરૂના સમાજવાદી તરફના ઢળાવના વિરોધિ હતા. મધુ લિમયેના અનુસાર લખનૌમાં જવાહરલાલ નહેરૂ તથા વલ્લભભાઇ પટેલની વચ્ચે તીવ્ર મતભેદ હતા.[9]

લખનૌ કોંગ્રેસ અધિવેશનના આઠ માસ બાદ ડિસેમ્બર 1936માં ફૈજપુરમાં કોંગ્રેસનું અધિવેશન થયુ. જો કે જવાહરલાલ નેહરૂ ફરીથી કોંગ્રેસ અધ્યક્ષ ચૂંટવામાં આવ્યા. પરંતુ અમુક એકમોથી સરદાર પટેલના નામના પણ પ્રસ્તાવ આવ્યા. સરદાર એ નહોતા ઇચ્છતા કે અધ્યક્ષ પદ માટે સ્પર્ધા થાય. સરદારે પોતાનું નામ પાછું લઇને જવાહરલાલને અધ્યક્ષ ચૂંટ્યા માટેની પ્રતિનિધિઓને સલાહ આપી. પરંતુ પોતાનું નામ પાછું લેવાના વક્તવ્યમાં સરદાર પટેલે સમાજવાદી ચિંતન પર નેહરૂ સાથે પોતાના મૌલિક મતભેદોને સ્વીકારતા કહ્યું.

... હું મારું નામ પાછું લઇ રહ્યો છું. આનો અર્થ એ તો જરાય ન થવો જોઇએ કે હું જવાહરલાલના બધા વિચારોથી સહમત છું. કોંગ્રેસી જાણે છે કે અમુક મહત્ત્વપરૂર્ણ બાબતોમાં મારા વિચાર જવાહરલાલજીથી અલગ ચે. ઉદાહર ણાટે હું એ નથી માનતો કે વર્ગ-વિગ્રહ અનિવાર્ય છે. હું સામ્રાજ્યવાદનો કટ્ટર શત્રુ ખરેખર છું અને એ પણ માનું છું કે આપણી ભૂખે મરવાવાળી સામાન્ય પ્રજા અને આપણા પૈસાદાર વર્ગના વચ્ચે જે જમીન-આસમાનનો પરક છે, તે આપણો વિનાશ કરી શકે છે. પરંતુ તેની સાથે હું એ નથી માનતો કેપૈસાદારોની પ્રતામાં જે ખરાબી છે તે એમાથી કાઢી નાખવી બિલકુલ અસંભવ છે... મને એ સિદ્ધાંત સ્વીકાર કરવાં કોઇ મુશ્કેલી નહીં થાય કે તમામ જમીન અને ઉત્પત્તિના તમામ સાધન સાર્વજનિક હોવા જોઇએ. સ્વયં કેડ્રૂત હોવાથી અને વર્ષોથી ખેડ્રૂતોની સાથે ઓત-પ્રોત રહેવાના કારણે મને એની ખબર છે કે, જૂતું ક્યાં ખંચે છે... પણ આવું પંડીત જવહારલાલ તરફ જોઇને કહે છે, અને તેઓ સાચું જ કહે છે, આપણું હાલનું કાર્ય તો આફણા દેશને વિદેશીઓના પંજામાંથી છોડાવવાનું અને સામ્રાજ્યવાદી શો,ણને જડથી ઉખાડીને નષ્ટ કરવાનું છે. આ કાર્ય કર્યા બાદ સિદ્ધાંતો અને યોજનાઓના અમલનો સમય આવશે.[10]

મધુ લિમયે પ્રમાણે નેહરૂ એવું વિચારતા હતા કે, સરદાર કોંગ્રેસની અંદર ઝડપથી ઊભરી રહેલી નવી વિચારધારા પ્રત્યે સહાનુભૂતિ નથી રાખતા, જ્યારે સરદાર એવું વિચારતા હતા કે, નેહરૂ સમાજવાદીઓ માટે ઢાલનું કાર્ય કરે છે, જે લગાતાર દક્ષિણ પંથી તથા સ્વયં સરદારના નેતૃત્વ પર પ્રહાર કરી રહ્યા હતા.[11] હકીકત એ હતી કે 1930ના સંપૂર્ણ દશકમાં સરદાર તથા દક્ષિણ પંથીઓનો ઉદ્દેશ કોંગ્રેસની દરેક નીતિ નિર્ધારણ પ્રક્રીયા પર પોતાનું નિયંત્રણ રાખીને વામપંથીઓને અલગ રાખવાનું હતું. એટલે જ પદ ગ્રહણ સંબંધી પ્રસ્તાવ સરદાર તથા દક્ષિણ પંથીઓના સમર્થનથી માર્ચ 1937માં પસાર થયો અને સમાજવાદીઓની હાર થઇ. અંકે કઠોર અનુશાસક હોવાના કારણે સરદાર પેટલને એ વાંધો હતોકે સોશ્યલિસ્ટ કોંગ્રેસ નેતૃત્વની સર જાહેર રૂપમાં આલોચના કરેલ.

દ્વિતીય વિશ્વયુદ્દની સાથે સાથે કોંગ્રેસ નેતૃત્વ સામારાજ્ય વાદની વિરુદ્ધમાં વદ્દું ઠોર થઇ ગયું. અને સાથો સાથ સોશ્યલિસ્ટ પાર્ટી તરફના સરદારના દૃષ્ટિકોણમાં પણ પરિવર્તન આવ્યું. 3 એપ્રિલ, 1940ના રોજ આચાર્ય નરેન્દ્ર દેવે યુસુફ મેહરઅલીને લખ્યું કે, સરદાર હવે આફણા વિરોધી નથી.[11] 1942માં યુસુફ મેહરઅલી મુબંઇના મેયર ચૂંટાયા. સરદારના સહોયગ વિના આ સંભવ નહોતું. યરવડાજેલમાં સરદારના સોશ્યલિસ્ટ સહયોગી કેદીઓ સાથે સારા સંબંધો હતા તેઓ ચાહતા હતા કે, સોશ્યલિસ્ટ નેતા કોંગ્રેસમાં ઉત્તરદાયીત્વ પૂર્ણ પદ ગ્રહણ કરે.

ફેબ્રુઆરી 1946માં નૌ સેનામાં ખુલ્લો વિદ્રોહ અને સમાજવાદિઓની સક્રિયતાએ સરદાર પટેલને ફરીથી સોશલિસ્ટોં વિરુદ્ધ કરી દીધાં. 24 ફેબ્રુઆરી 1946 થી ગાંધીજીએ એક પત્રમાં સરદારને લખ્યું કે અરુણા એ એક ચિંગારી ફેંકીને આગ સળગાવી દીધી છે. તેમણે તમારા કાલના સંક્ષિપ્ત વક્તવ્યનો અયોગ્ય જવાબ આપ્યો છે. સરદારનો આરોપ હતો કે અચ્યુત અને તેમના સહયોગિઓ અરૂણાને અગ્રણી બનાવી દીધાં છે.

પટેલની સમાજવાદીઓ પ્રત્યે વ્યવહારની ચર્ચા કરતા મધુ લિમિયેએ લખ્યું છે. મારા વિચારે વલ્લભભાઇનો સમાજવાદીઓ પ્રત્યે દૃષ્ટિકોણ વ્યક્તિગત દ્વેષથી પ્રભાવિત નહોતું

કોંગ્રેસની અંદર શક્તિ અને નિયંત્રણના સંબંધમાં તેમના અનુદારવાદી ચિંતન, અવ્યવસ્થા તથા હડતાલોની ધૃણા વગેરેએ તેમને કોંગ્રેસ સમાજવાદી પાર્ટીના વિરોધિ બનાવી દીધા હતા.[12]

## પાદનોંધ

1. જવાહરલાલ નેહરૂ, સિલેક્ટેડ વકર્સ ભાગ-6, પૃ. 280-281.
2. ધ કલેક્ટેડ વકર્સ ઓફ મહાત્મા ગાંધી, વોલ્યૂમ-59, પૃ.6.
3. નરહરિ દ્વા. પરીખ, પૂર્વો. પૃ. 230
4. એજન, પૃ. 235
5. એજન, પૃ. 236
6. મીનું મસાની, બ્લિસબાજ ઇટ ઘેટ ડન (દિલ્હી, 1977), પૃ. 96.
7. ધ ટાઇમ્સ ઓફ ઇન્ડીયા, ઓક્ટોબર, 1934.
8. આર.ડી. શંકર દલાલ, વલ્લભભાઇ પટેલ, પૃ. 119
9. જવાહરલાલ નેહરૂ, ઇન્ડિયા એન્ડ ધ વર્લ્ડ, પૃ. 82-83.
10. મધૂલિમયે, પ્રાઇમ મુવર્સ, પૃ. 106
11. નરહરિ દ્વા. પરીખ, પૂર્વો, પૃ. 260-261
12. મધૂલિમયે, પૂર્વો, પૃ. 106